## હરિની દ્રષ્ટિ...




મેક ઈન ઈન્ડિયાની વાતો ચાલતી હતી એટલે મીકેનીકલમાં એડમીશન લીધુ... હવે ગુગલની વાતો વખતે આઈ.ટી.માં જવું છે....!!!

# કપાસના પાકમાં સુકારાથી ખેડૂતોમાં ચિંતા

## પાછોતરા વરસાદ બાદ કપાસ સુકાતાં ભારે નુકસાન : મોઢે આવેલો કોળિયો ઝુંટવાતાં ખેડૂતોમાં ભારે ચિંતા

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પંથકમાં પાછોતર વરસાદ તથા વાતાવરણમાં પલટો આવતાં ખેડૂતોના માથે આસ્થાના વાદળો વરસ્યા હોય તેવો ભાસ થઈ રહ્યો છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી કમોસમી વરસાદ તથા અણધાર્યા વરસાદના આગમથી ખેત-પાકોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ગત વર્ષે મહામુલો કપાસનો પાક તથા શિયાળુ ઘઉંનો પાકને વરસાદે નુકશાન કર્યુ હતુ ત્યારે ખેતીપાકોમાં રોગના ભરડાથી ખેડૂતોને અવારનવાર નુકશાન થતાં ખેડૂતોની હાલત કફોડી બની રહી છે.



હાલમાં પાછોતરો વરસાદ આવતા છેલ્લા બે માસથી અસહ્ય ગરમી, બાફમાં પિયતથી કપાસના પાકને બચાવવા ખેડૂતો ભારે મહેનત ઉઠાવ્યા બાદ ભાદરવામાં અષાઢી માહોલે કપાસના પાકમાં પાણી ભરાતા કપાસના છોડને મૂળને કોહવાટ લાગતા સુકારાનો રોગથી મહામુલો ઉભો પાક સુકાઈ જતાં ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યુ છે. ખેડૂતો નિસાસા સાથે જણાવી રહ્યા છે કે હવે માત્ર માંડ ૧૫ થી ૨૦ ટકા પાક થશે. એક વીઘામાંથી ૩૦ થી ૩૦ મણ રૂના ઉતારા સામે માંડ ૫ થી ૧૦ મણ રૂ ઉતરે તેવી સંભાવનાથી ખેતીપંચ વર્ષની ખેતી આવક અંગે ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે. આમ ખેડૂતોની પોષણક્ષમ ભાવો ખેતીખર્ચ અને નિષ્ફળ પાક અંગે ભારે દ્વિધાભરી સ્થિતિ ચિંતાજનક બાબત ગણી શકાય.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર કલેક્ટર શ્રી રવિશંકરે શહેર-જિલ્લામાં રોગચાળાની સ્થિતિને લઈ આજે આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક મળી હતી.

● ગાંધીનગર શહેરમાં સ્માર્ટસીટીમાં પહેલો પ્રોજેક્ટ કયો લેવો તેના સૂચનો માટે મનપા દ્વારા શ્રેષ્ઠ સૂચન કરનારાઓનું સન્માન કરવા વિચારણા કરી રહેલ છે.

● મનપાના સત્તાવાહકો સ્માર્ટસીટી માટેના સૂચનો યુવાનોમાંથી વધુ મળે તે દિશામાં સક્રિય બન્યા છે.

● ગાંધીનગર શહેરમાં મનપાના આરોગ્ય તંત્રએ સપ્ટે. માસ દરમ્યાન ૧૩૦૦થી વધુ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ પકડી પાડ્યા છે.

● રાજયમંત્રી શ્રી જશુભાઈ બારડ ઈવનીંગ વોકનો સિલસિલો ચાલુ રાખવા સચિવાલયના ગેટથી ગાડીમાંથી ઉતરી જઈ ચાલતા પોતાના નિવાસસ્થાને જાય છે.

● ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકેનો ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ આજે સંભાળી લીધો છે.

# ફોન પરત કરે વર્ષ થયું હજુ ડીપોઝીટ પરત મળી નથી

## બી.એસ.એન.એલ. લેન્ડલાઈન ફોન લેતી વખતે ચુકવેલ ડીપોઝીટ માટે ગ્રાહકોને ધરમધક્કા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના બી.એસ.એન.એલ. ટેલીફોન ધારકોએ પોતાનો ફોન નંબર બંધ કરાવી ફોન જમા કરાવવા છતાં ડીપોઝીટ લાંબા સમય સુધી મળતી નથી. ગ્રાહકોને બે ચાર દિવસે ભારત સંચાર નિગમ લિમિટેડ ઓફિસના ધરમધક્કા ખાવા પડે છે. બી.એસ.એન.એલ.ના ધાંધિયાથી લોકો ત્રસ્ત તો છે જ એમાં આ નવો ઉમેરો થયો હોય તેવું લાગી રહ્યું છે.પોતાની ડિપોઝીટ લેવા માટે યોગ્ય જવાબ ન મળતાં લોકોમાં રોષ જોવા મળ્યો છે.

શહેરની બી.એસ.એન.એલ.ની ઓફિસના ધાંધિયા અને લાલીયાવાડી સમયાંતરે બહાર આવે છે. ઈન્ટરનેટ, ટેલીફોન તેમજ બિલ બાબત અંગે અવારનવાર માથાકુટ સર્જાવાના દશ્યો ઓફિસમાં બનતા હોય છે. ટેલીફોન તંત્રના કર્મચારી/અધિકારીઓ જાડી ચામડીના બની ગયા છે. તેમને કોઈ ફરક પડતો નથી. ટેલીફોનની ફરિયાદોનો યોગ્ય નિકાલ ન આવતા શહેરીજનો લેન્ડલાઈન ફોન બંધ કરાવી જમા કરાવે છે. પરંતુ ગ્રાહકોની ડિપોઝીટ મહિનાઓ વિતી ગયા હોવા છતાં મળતી નથી તેવી ફરિયાદો સામે આવી છે. જયારે તંત્ર દ્વારા અમદાવાદ ઓફિસથી નાણાંનો ચેક આવશે. એકાઉન્ટનું કામ ત્યાંથી થાય છે તેવા જવાબો ગ્રાહકોને આપવામાં આવે છે. ચેક આવવાની ગ્રાહકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે પરંતુ કયારે ચેક આવશે તે કોઈ જાણતું નથી. બી.એસ.એન.એલ.ની લાલીયાવાડીથી ગ્રાહકોમાં ઉગ્ર રોષ જોવા મળે છે.

# ગાંધીનગર આઈએમએના પ્રમુખપદે સતત ચોથા વર્ષે ડૉ. અનિલ ચૌહાણ

ગાંધીનગર, તા. ૨૮

ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ગાંધીનગરની



તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં નવા વર્ષના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે. સતત ચોથા વર્ષે ડૉ. અનિલ ચૌહાણ પ્રમુખપદે ચુંટાઈ આવ્યા છે. ગાંધીનગરના એલોપથી ડોક્ટર્સનું આ એસોસીએશન તબીબોને નવીન સંશોધનોથી વાકેફ કરે છે. તેમજ સમયાંતરે જિલ્લાના વિવિધ સ્થળોએ આરોગ્ય સેવાના કેમ્પ અને લોક કલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે.

તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં પ્રમુખ ઉપરાંત અન્ય હોદ્દેદારોની પણ નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં સેક્રેટરી તરીકે ડૉ. જયેશ સોલંકી, વાઈસ પ્રેસીડન્ટ તરીકે ડૉ. કલ્પેશ પરીખ અને ડૉ. રશ્મિન પ્રજાપતિ, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડૉ. વિરલ લુહાર, ટ્રેઝરર તરીકે ડૉ. બંકીમ મોદી, આસી. સેક્રેટરી તરીકે ડૉ. હર્ષદ રાઠોર અને આસી. ટ્રેઝરર તરીકે ડૉ. વસંત પટેલ જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા.

આ ચૂંટણીમાં ઈલેકશન કમિશનર તરીકે ડૉ. પિયુષ દવે તેમજ ડૉ. અનિલ વૈદ્ય દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. ઈન્ડિયન મેડીકલ એસોસીએશન ગાંધીનગર તેમજ આસપાસના ૪૦૦ જેટલા એલોપેથીક ડોક્ટર્સનું સંગઠન ધરાવે છે. આ એસોસીએશન નિયમિત પણે સી.એમ.ઈ. (કન્ટીન્યુઅશ મેડીકલ



એજ્યુકેશન)નાં કાર્યક્રમોથી નવિન તબીબી સંશોધનોથી ગાંધીનગરનાં તબીબોને માહિતગાર કરે છે. તેમજ આરોગ્ય સેવાનાં કેમ્પ અને લોક કલ્યાણની પ્રવૃત્તિઓ ઉપરાંત ગર્વમેન્ટ હેલ્થ પોલીસમાં પણ મહત્વનું યોગદાન આપે છે.

# કોલેજોમાં ડેન્ગ્યુ રોગ રોકવા ખાસ અભિયાન

રાજયમાં ડેન્ગ્યુ સહિતના મચ્છર જન્ય રોગોનો આતંક વધી રહ્યો છે ત્યારે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ની કોલેજોમાં ડેન્ગ્યુના રોગને અંકુશમાં લેવા માટે, આવશ્યક પગલા લેવાના હેતુસર સ્પેશિયલ ડ્રાય ડે ઝુંબેશ હાથ ધરવા માટેનો આદેશ આપવામાં આવનાર છે. આ ઉપરાંત રોગચાળાને રોકવા માટે ઉચ્ચ સત્તાવાળાઓ દ્વારા પરીપત્રુ પણ કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન ઈજનેરી-ફાર્મસી-એમબીએ-એમસીએ સહિતને ૪૫૦થી વધુ કોલેજો અમદાવાદ ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, રાજકોટ-સુરત સહિતના સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. ત્યારે જીટીયુ સલગ્ન કોલેજ કેમ્પસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ડેન્ગ્યુના રોગથી મુક્ત બને તે હેતુસર આવશ્યક તકેદારીના પગલા ભરવા માટે સત્તાવાળાઓએ ચક્રો ગતિમાન કર્યા છે. જેના અનુસંધાનમાં તમામ કોલેજોના પ્રિન્સિપાલ-કેમ્પસ ડાયરેક્ટરને સ્પેશિયલ અભિયાન ચલાવવા માટે પરીપત્ર કરવામાં આવશે.

# વનતંત્રે મહિલા ચોકીદારને મનસ્વી રીતે હાંકી કાઢી તેના પેટ પર લાત મારી

## વર્ષોથી અડિંગો જમાવી બેઠેલા દબાણો દૂર નથી થતા પણ વિધવા ચોકીદારનું વનતંત્રે ઝુંપડુ ખાલી કરાવી તેને હાંકી કાઢી

ગાંધીનગર, તા. ૨૮

વન વિભાગની કામગીરીની જેમ તેનો વહીવટ પણ ખાડે ગયો હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. એક બાજુ ગરીબ મજુરોને પગાર નથી ચૂકવાયો તો બીજી બાજુ વન તંત્રે સે. ૧૭ નર્સરીમાં કામ કરતી મહિલા ચોકીદારને મનસ્વીરીતે હાંકી કાઢી તેના પેટ પર લાત મારી છે. શહેરમાં વન વિભાગની જગ્યામાં વર્ષોથી અડિંગો જમાવી બેઠેલા દબાણો દૂર કરવા નિષ્ફળ નિવડ્યું છે. ત્યારે થોડા સમય અગાઉ વન વિભાગની જગ્યામાંથી સેવા કેન્દ્ર દૂર કરતા નવો વિવાદ સર્જાયો હતો. આવા સંજોગોમાં વન વિભાગની કામગીરી અને ગુણવતા સામે નતનવા પ્રર્નાર્થ ઉભા થવા પામ્યા છે.

આ ઘટનાની હકિકત એવી છે કે વર્ષો અગાઉ ભલાજી ઠાકોર નજીવા પગારે સેક્ટર-૧૭ સ્થિત નર્સરીમાં ચોકીદાર તરીકે જોડાયા હતા. ૨૪ વર્ષ કામગીરી બાદ વર્ષ ૨૦૧૩માં ભલાજી ઠાકોરનું નિધન થતા તેમની વિધવાને વન વિભાગે ચોકીદાર તરીકે નોકરી આપી હતી અને નિયમિત વાઉચર મારફતે પગાર ચૂકવતા હતા. થોડા સમય અગાઉ ચોકીદાર ભલાજી ઠાકોરની વિધવા હીરાબેન ઠાકોરને કોઈ પણ જાતની નોટીસ કે જાણ કર્યા વગર નોકરીમાંથી હાંકી કાઢી હતી. અને નર્સરીમાં ફરજ બજાવતા મિતાલી મકવાણા, હીનાબેન ચૌધરી, ભરતભાઈ દેસાઈ, લલાભાઈ રાવલ અને કંકુબેન નાડિયાએ મળી મનસ્વી પણે હીરાબેન સાથે અન્યાય કરી નોકરીમાંથી કાઢી મુકાવી નવા ચોકીદારને નોકરીએ મુકાવી દીધો હોવાનો આક્ષેપ ગરીબ મહિલા ચોકીદારે કર્યો છે. ઉપરાંત છેલ્લા બે માસથી મહિલાને પગાર પણ ન ચુકવાતા અને નર્સરીમાં બાંધેલા ઝુંપડાને ખાલી કરાવી તેને તગેડી મુકતા મહિલાની હાલત કફોડી બની છે. આથી આ મામલે ઉચ્ચ કક્ષાએ ન્યાયની માંગ કરી છે.



અખિલ આંજણા કેળવણી મંડળ સંસ્થા સંચાલિત ચૌધરી બીબીએ કોલેજ સેક્ટર-૭ ખાતે ઈન્ડિયન રેડક્રોસના સહયોગથી થેલેસેમીયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

## આજે પણજીમાં વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલની ૨૧મી બેઠક

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૧૫ના રોજ ગોવાના પણજી ખાતે યોજાનારી ૨૧મી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલ પરિષદ બેઠકમાં ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં યોજાનારી બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ઉપરાંત મહારાષ્ટ્ર, ગોવાના મુખ્યમંત્રીશ્રીઓ તથા કેન્દ્રશાસિત પ્રદેશો દમણ-દીવ અને દાદરા નગર હવેલીના પ્રશાસકો ભાગ લેવાના છે.

# ઈટાલીનું પિત્ઝીકા પણ ગુજરાતના ગરબા જેવુ જ નૃત્ય છે

## ગાંધીનગરમાં અભ્યાસ કરતી ઈટાલીની ફેડરિકા ગરબાના સ્ટેપ્સ શીખી રહી છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સે.૬ ખાતે સંત રોહિતદાસ મંદિરે મલ્હાર ગૃપ દ્વારા રાસ-ગરબા ક્લાસ ચલાવાઈ રહ્યાં છે. આ ક્લાસમાં કડી સર્વ વિદ્યાલય સંકુલની



એમ.બી. પટેલ હાઈસ્કૂલમાં સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ઈટાલીથી અભ્યાસ અર્થે આવેલ ફેડરિકા પણ ગરબાના અવનવા સ્ટેપ્સ શીખી રહી છે.

ફેડરિકાને ગરબા નૃત્ય તેના ઈટાલીના 'પિત્ઝીકા' નૃત્ય સમાન લાગે છે. પિત્ઝીકા નૃત્યમાં વાદ્યવૃંદ હોય છે. જે સંગીત આપે છે અને લોકો સમૂહમાં ખાસ પ્રકારના સ્ટેપ્સ સાથે નૃત્ય કરે છે. વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ તરીકે નવરાત્રીને જાણતી ફેડરિકા ચણિયા-ચોળી પહેરીને ગરબે ઘુમવા થનગની રહી છે. આ માટે તે દરરોજ સતત દોઢથી બે કલાક પરસેવો પાડી આકરી મહેનત સાથે ગરબાના સ્ટેપ્સ શીખી રહી છે. તેને જોઈ ગરબા ક્લાસના અન્ય ખેલૈયાઓ પણ પ્રભાવિત થઈ રહ્યા છે. ઈટાલીમાં પણ ભારતની જેમ જ કુટુંબ પ્રથા હોવાનું જણાવતા ફેડરિકા કહે છે કે અમે પણ અમારા પિતરાઈઓને ભાઈ બહેન જ માની તે પ્રમાણે માન-સન્માન આપીએ છીએ.

ફેડરિકાના મતે સંયુક્ત કુટુંબપ્રથા દાદા-દાદી તથા અન્ય વડીલોની હાજરી પરિવાર માટે ખૂબ જ અગત્યની છે.

**(તસવીર : સમીર રામી)**

# મૂળભૂત સુવિધાનો અભાવ છતા ડીઝીટલ ઈન્ડિયાના તાયફા : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૨૮

હાલમાં ગુજરાતની પરિસ્થિતિ ઉકળતા ચરૂ જેવી છે. વિકાસનો ફુગ્ગો રાજ્ય સરકારનો ફૂટી ગયો છે. પ્રજાની આંખ પર જે ગુલાબી ચશ્મા સરકારે પહેરાવ્યાતા એ ઉતરી ગયા છે. વિકાસના નામે ભોળી જનતાને છેતરી મત લઈ લીધા પછી પ્રજા જ્યારે હિસાબ માંગે છે, ત્યારે ડીઝીટલ ઈન્ડિયા અને સ્માર્ટ સીટીના નામે પ્રજાને મુરખ બનાવવામાં કારસો ભાજપ દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગરમાં મોટા ભાગે કર્મચારીઓ વસે છે. ગાંધીનગરમાં આવેલ સેક્ટર-૨૪ શ્રમજીવી અને મજુરવર્ગ તથા મધ્યમવર્ગના લોકો વસે છે. આ પ્રજાને પીવા માટે ચોખ્ખુ પાણી, વીજળી, સારા રસ્તાની મૂળભૂત જરૂરિયાત છે. આ જરૂરિયાત સંતોષવામાં નાકામ રહેલું તંત્ર સ્માર્ટસીટી અને ડીઝીટલ ઈન્ડિયાના નામે છેતરવાનું કામ કરી તેમના ઘા પર મીઠુ ભભરાવવાનું કામ આ પ્રકારના પ્રોગ્રામો દ્વારા કરી રહ્યું છે.

સે. ૨૪માં ઈન્દિરાનગર, શ્રીનગર વિસ્તારમાં લોકોના ઘરમાં ગટરો ઉભરાય છે. ડેન્ગ્યુ અને મલેરિયા જેવી બીમારીઓએ માઝા મુકી છે ને તંત્ર આ સમસ્યાનો હલ લાવ્યા વગર સ્માર્ટ સીટીના ઓપીનીયનના નામે તાયફા કરી રહી છે. સે. ૨૪ની પ્રજામાં ભયંકર રોષ જોવા મળ્યો છે. જુઠા શાસકોની વાતમાં ન આવી આવનારી ચૂંટણીઓમાં બદલો લેવાના મૂળમાં છે.




## ગાંધીનગરમાં એરફોર્સની એન્જિનીયરીંગ-લોજીસ્ટીક ઓફિસર્સ કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગરના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ઓફ ઈન્ડીયન એર ફોર્સ-સ્વાક દ્વારા આજે ચીફ એન્જીનીયરીંગ ઓફિસર્સ અને સિનિયર લોજીસ્ટીક ઓફિસર્સની વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સનું એર માર્શલ આર.કે. ધીરના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. એરફોર્સના વડા એર માર્શલ આર.કે. ધીરે આ પ્રસંગે ટેકનો-લોજીસ્ટિક કર્મચારીઓની અગત્યની ભૂમિકા અંગે પ્રકાશ પાડયો હતો. આ ઉપરાંત એર વાઈસ માર્શલ બી.કે. સૂદે એરફોર્સ દ્વારા સંપત્તિ જાળવણી, સંશાધન સંચાલનની મહત્વની કામગીરી ક્ષેત્રે નોંધપાત્ર સફળતાને બિરદાવી હતી. ચાલુ સાલે સર્વિસેબીલીટી ઓફ એરબોન વેપન પ્લેટફોર્મ, ગ્રાઉન્ડ સપોર્ટ સીસ્ટમ, ટ્રેનીંગ-સેફટી સહિતની અનેક બાબતોમાં સુધારા પર ધ્યાન આપવામાં આવશે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી મુદ્દે કોંગ્રેસના આક્ષેપોને ફગાવતુ ભાજપ

ગાંધીનગર, તા. ૨૮

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ માટે ગુજરાત કોંગ્રેસના આગેવાનોએ સુપ્રિમ કોર્ટમાં રીટ કરીને ચૂંટણીઓ ઉપર જે સ્ટે લીધો હતો તેને નામદાર કોર્ટે ૨૪ નવેમ્બર સુધી લંબાવેલ છે. ત્યારે આવા સમયે બેબાકળી અને હતાશ બનેલી કોંગ્રેસ ભારતીય જનતા પાર્ટી ઉપર વાહીયાત આક્ષેપો કરી રહી છે. ગુજરાત કોંગ્રેસની સ્થિતિ ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટે જેવી થયેલ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને કોર્ટ મેટર બનાવવાના કારણે કોંગ્રેસના ઘરમાં જ આગ લાગેલ છે, ત્યારે તે ઠારવાને બદલે ભાજપ ઉપર તથ્યવહીન, પાયાવિહોણા આક્ષેપો કરી રહેલ છે. એમ પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતં.

ગુજરાતના મતદારો એ વાત જાણે છે કે, ભારતીય જનતા પાર્ટી અને ભાજપા સરકારે ચૂંટણીઓની તમામ તૈયારીઓ કરી દીધેલ હતી અને ભાજપા ચૂંટણી લડવા સજ્જ બન્યું હતું. એવા સમયે ગુજરાત કોંગ્રેસના જ આગેવાનોને પોતાની હાર દેખાતા અને પુનઃ બેઠા થવાની કોઈ શક્યતાઓ ન જણાતા ચૂંટણીને કાયદાકીય પ્રક્રિયામાં લઈ જવાનો નિર્ણય કર્યો. ગુજરાતમાં ભાજપા સરકારના મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૫૦ ટકા મહિલા અનામત લાવવાનો જે નિર્ણય કરાયો તેનાથી કોંગ્રેસના પેટમાં તેલ રેડાયુ, કોંગ્રેસને મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ મળે તે ગમતુ નથી અને આવા વિવિધ કારણોને લઈને કોંગ્રેસે જ ચૂંટણી પાછી ઠેલાય તેવા પ્રયત્નો કર્યા.

## હળવદ બ્રહ્મસમાજ દ્વારા છઠ્ઠુ જીવનસાથી સંમેલન યોજાશે

શ્રી હળવદ બ્રહ્મસમાજ, અમદાવાદના પ્રમુખ પ્રકાશભાઈ રાવલના જણાવ્યા અનુસાર છઠ્ઠુ જીવનસાથી સંમેલન ગુજરાતના સમસ્ત બ્રહ્મસમાજના ભાઈ-બહેનો માટે ૨૦-૧૨-૧૫ને રવિવારના રોજ યોજાશે. સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક ભાઈ-બહેનો માટે ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયેલ છે. ફોર્મ મેળવવાનું સ્થળ ગુરૂકૃપા ક્રોકરી હાઉસ, હિતેનભાઈ દવે, કેબિન નં. ૧૭૧, ૧૭૩, શાકમાર્કેટ, કમ્પાઉન્ડની અંદર સે-૨૧, ગાંધીનગર -૦૪૨૮૪૧૫૧૨૧.